ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૦/૨૨-૨૩/ 3117 તારીખ : 28 SEP 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સવજીભાઈ પરશોતમભાઈ ભાદાણી,**
**વરતેજ નવા પ્લોટની બાજુમાં,**
**પોસ્ટ ઓફીસ પાસે,**
**મું.વરતેજ,**
**તા.જી.ભાવનગર**

| કેસ નં.૪૦/૨૨-૨૩ |
|---|

**મો.નં- ૯૮૨૪૮ ૫૬૯૬૧**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૦૮/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૦/૦૮/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૨-૨૩/૨૭૩૮ તા.૦૩/૦૯/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૨-૨૩/૨૮૩૫ તા.૦૯/૦૯/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૦૯/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૪૦/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી સવજીભાઈ પરશોતમભાઈ ભાદાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૦/૦૯/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી સવજીભાઈ પરશોતમભાઈ ભાદાણી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.કે.ચૌધરી, સુપ્રિ.ઓફ એકા., ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સવજીભાઈ પરશોતમભાઈ ભાદાણી, મું.વરતેજ, તા.જી.ભાવનગર ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૦/૨૨–૨૩/૨૭૩૮ તા.૦૩/૦૯/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૦/૦૯/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી સવજીભાઈ પરશોતમભાઈ ભાદાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.કે.ચૌધરી, સુપ્રિ ઓફ એકા., ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

સવિનય સાથ જણાવવાનું કે, અમોએ સવજીભાઈ પરશોતમભાઈ ભાદાણી નામે વરતેજ ગામ જમીન સર્વે નં–૨૧૬ પૈકી ૧ હેઠળ ૫ હો.પા.કરારીત વિજભાર સાથે નવું ખેતીવાડી વિષયક વિજ જોડાણ મેળવવા અરજી કરેલ જે સંદર્ભે

(૧) રજી.ચાર્જ રૂ.૨૩૬/– તા.૧૪/૧૨/૨૦૨૦ (જીપીઆર–૧૫૦૪)

(૨) સીક્યુરીટી ચાર્જ રૂ.૮૩૫/– તા.૨૬/૧૧/૨૦૨૧

(૩) એગ્રીમેન્ટ ચાર્જ રૂ.૩૦૦/– તા.૨૬/૧૧/૨૦૨૧

(૪) એસ્ટીમેટેડ લાઈન ચાર્જ /સર્વિસ કનેકશન ચાર્જ રૂ.૬૫૦૦/– તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરી આપેલ તેમજ એગ્રીમેન્ટ તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ નાયબ ઈજનેર સમક્ષ વરતેજ સબ ડિવિઝન ખાતે કરી આપેલ.( જે તારીખ ના રોજ એસ્ટીમેટ પેઈડ કરેલ તે તારીખે) તેમ છતાં, આજદિન તા.૨૫/૦૮/૨૦૨૨ સુધી સદર વિજ જોડાણ મળેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar